Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પ્રાથમિક શાળાના શિક્ષકોના નૈતિક તર્કનો જાતિયતા અને શાળાના માધ્યમના સંદર્ભમાં અભ્યાસ

વોરા સાગર કે.

બી.એસસી., એમ.એડ્.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ :**

સ્વામી વિવેકાનંદ મુજબ નૈતિક શિક્ષણ વ્યક્તિના આચરણને સદાચારી બનાવે છે અને તેની બુદ્ધિમત્તાને વિકસાવે છે .નૈતિકતા એ વ્યક્તિના જીવનમાં વિવિધ ક્ષેત્રે કેળવાતો એક અભિગમ છે .શિક્ષણ એવું હોય જે વ્યક્તિના અભિગમ, લાગણીઓ અને ચારિત્ર્યને સાચી દિશા ચીંધી શકે. વ્યક્તિના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને કાર્યક્ષમતાની સાથે વ્યક્તિ વિકાસને સંલગ્ન શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, નૈતિક અને આધ્યાત્મિક જેવાં દરેક પાસાંઓને આવરી લે એવું શિક્ષણનું પરિરૂપ હોવું જોઇએ .દરેક નાગરિકના આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વને સંપૂર્ણપણે વિકસાવે એ જ સાચું શિક્ષણ, જેનો આધાર વિવિધ ધર્મોમાં સામ્યતા ધરાવતા નૈતિક મૂલ્યોની સામ્યતા પર હોય .વ્યક્તિ હેતુસર વિતાવવા સક્ષમ બને અને સમાજ પ્રત્યેની જવાબદારી પરિપૂર્ણ કરી શકે તો આપણું શિક્ષણ સાર્થક કહેવાય.

પ્રસ્તુત સંશોધનના નમૂના તરીકે રાજકોટ શહેરની પ્રાથમીક શાળાઓમાંથી આકસ્મિક નમૂના પસંદગીથી પ્રાથમિક શાળાના ૧૦૦ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ, નૈતિક શિક્ષણ અને મનોવૈજ્ઞાનિક માપનના ક્ષેત્રને સ્પર્શે છે. સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતીનુ એકત્રીકરણ સંશોધક દ્વારા રૂબરૂ મુલાકાત દ્વારા કસોટી આપીને કરવામા આવ્યુ હતુ. માહિતીનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણવિચલન અને t-કસોટી દ્વારા કરવામાં આવ્યું. પ્રસ્તુત સંશોધનના તારણોમા પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકો વધુ નૈતિક તર્ક ધરાવે છે તથા અંગ્રેજી માધ્યમના શિક્ષકો કરતાં ગુજરાતી માધ્યમના શિક્ષકો વધુ નૈતિક તર્ક ધરાવે છે.

**ચાવીરૂપ શબ્દો: નૈતિક શિક્ષણ, નૈતિક તર્ક, પ્રાથમિક શિક્ષકો.**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**૧.૦ પ્રસ્તાવના**

કોઠારી કમિશને કહ્યું છે કે ભારતનું ભાવિ વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે ત્યારે નૈતિકતાવાળું શિક્ષણ આપવાની જવાબદારી રાજ્યના સારસ્વત શિક્ષકમિત્રોની છે .આજનો વિદ્યાર્થી આવતીકાલનું ભાવિ છે .તેનામાં માત્ર ડિગ્રીઓવાળી શૈક્ષણિક લાયકાત આપવાથી તે પરિપૂર્ણ થશે નહીં પરંતુ તેને દેશના આદર્શો, સંસ્કારો, દેશ ભાવના તેમજ માનવ માનવ વચ્ચે આંતર સંબંધ સુલેહભર્યા કેળવાય તેવું ઉત્તમ શિક્ષણ આપવાની તાતી જરૂરિયાત છે .શિક્ષણનું મુખ્ય કાર્ય માહિતીનો ઢગલો કરવાનું નથી .વિદ્યાર્થીને જાતે કાર્ય કરતા શીખવવાનું છે . વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ આદર્શ મૂલ્યલક્ષી શિક્ષણ આપવાની જરૂરિયાત છે .શિસ્ત, સંસ્કાર અને સમર્પણભાવ શિક્ષણના સમયગાળા દરમિયાન તેનામાં કેળવવાની જરૂરિયાત છે.

**૨.૦ સંશોધનના હેતુઓ**

**પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે.**

૧. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે નૈતિક તર્ક માપદંડની રચના કરવી.

૨. પ્રાથમિક શાળાના શિક્ષકોના નૈતિક તર્ક પર જાતિયતાની અસર તપાસવી.

૩. પ્રાથમિક શાળાના શિક્ષકોના નૈતિક તર્ક પર માધ્યમની અસર તપાસવી.

**૩.૦ સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

પ્રસ્તુત સંશોધનના ચલો નીચે મુજબ છે.

સ્વતંત્ર ચલ (૧) જાતિયતા

(૨) માધ્યમ

પરતંત્ર ચલ (૧) નૈતિક તર્ક

**૪.૦ સંશોધનની ઉત્કલ્પનાઓ**

**પ્રસ્તુત સંશોધન માટે આ પ્રમાણેની સંશોધન ઉત્કલ્પના રચવામાં આવી છે.**

૧ પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

૨ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**૫.૦. સંશોધનનું વ્યાપવિશ્વ**

સંશોધનનું વ્યાપવિશ્વ રાજકોટ શહેરની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકોને પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે લેવામા આવેલ છે.

**૬.૦ સંશોધનનો નમૂનો**

પ્રસ્તુત સંશોધનના નમૂના તરીકે રાજકોટ શહેરની પ્રાથમીક શાળાઓમાંથી આકસ્મિક નમૂના પસંદગીથી પ્રાથમિક શાળાના ૧૦૦ શિક્ષકોનો સમાવેશ થયેલ છે. જે નીચેની સારણીમાં દર્શાવેલ છે.

| ક્રમ | સ્ત્રી | | પુરુષ | | કુલ |
|---|---|---|---|---|---|
| | ગુજરાતી | અંગ્રેજી | ગુજરાતી | અંગ્રેજી | ૧૦૦ |
| ૧ | ૨૪ | ૨૧ | ૩૨ | ૨૩ | |

**૭.૦ સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ, નૈતિક શિક્ષણ અને મનોવૈજ્ઞાનિક માપનના ક્ષેત્રને સ્પર્શે છે.

**૮.૦ સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક પ્રકારનું છે.

**૯.૦ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧૦.૦ ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન માટે ઉપકરણ તરીકે નૈતિક તર્ક માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧૧.૦ માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી મેળવવા સંશોધક દ્વારા રૂબરૂ મુલાકાત દ્વારા કસોટી આપીને માહિતી એકત્ર કરવામાં આવી છે.

**૧૨.૦ માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણવિચલન અને t-કસોટી દ્વારા કરવામાં આવ્યું.

**૧૩.૦ ઉત્કલ્પનાની ચકાસણી અને અર્થઘટન**

૧: "પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય."

સંશોધકે જાતીયતા અનુસાર પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના જૂથોના નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોને આધારે મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ તથા t-મૂલ્યની ગણતરી કરી હતી.

પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૯૨.૯૫ અને ૯૧.૨૫ છે બંને સરસરીના તફાવતની સાર્થકતાનું t-મૂલ્ય ૨.૧૪ છે જે ૦.૦૫ કક્ષાએ પ્રાપ્ત થતા t ના સારણી મૂલ્ય ૦.૧૯૬ કરતાં વધુ છે. આથી પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે જાતીયતાની નૈતિક તર્ક ઉપર અસર જોવા મળે છે આમ, કહી શકાય કે પ્રાથમિક શાળાઓમાં કામ કરતા સ્ત્રી શિક્ષકો એ પુરુષ શિક્ષકો કરતાં ઉચ્ચ નૈતિક તર્ક ધરાવે છે.

૨: "ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય."

સંશોધકે માધ્યમ અનુસાર પ્રાથમિક શાળાના ગુજરાતી માધ્યમના શિક્ષકો અને અંગ્રેજી શિક્ષકોના જૂથોના નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોને આધારે મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ તથા t-મૂલ્યની

ગણતરી કરી હતી .

નૈતિક તર્ક માપદંડના કુલ પ્રાપ્તાંકોના સંદર્ભમાં પ્રાથમિક શાળાઓમાં કામ કરતા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકોના નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૯૧.૨૭ અને ૯૨.૧૪ છે. બંને સરાસરીના તફાવતની સાર્થકતાનું t-મૂલ્ય ૨.૧૬ છે. જે ૦.૦૫ કલાએ પ્રાપ્ત થતા t ના સારણી મૂલ્ય ૧.૯૬ કરતાં વધુ છે. જેથી સાર્થક તફાવત જોવા મળે છે. આથી પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે માધ્યમની નૈતિક તર્ક ઉપર અસર જોવા મળે છે .આમ, કહી શકાય કે પ્રાથમિક શાળાઓમાં કામ કરતા ગુજરાતી માધ્યમના શિક્ષકો એ અગ્રેજી માધ્યમના શિક્ષકો કરતાં ઉચ્ચ નૈતિક તર્ક ધરાવે છે .

**૧૪.૦ સંશોધનનાં તારણો**

૧. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત અર્થસૂચક છે. પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકો વધુ નૈતિક તર્ક ધરાવે છે.

૨. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના શિક્ષકોએ નૈતિક તર્ક માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત અર્થસૂચક છે. અંગ્રેજી માધ્યમના શિક્ષકો કરતાં ગુજરાતી માધ્યમના શિક્ષકો વધુ નૈતિક તર્ક ધરાવે છે.

**સંદર્ભસૂચિ**

૧. ઉચાટ, ડી. એ. (૨૦૧૨). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. રાજકોટ: પારસ પ્રકાશન

૨. ત્રિવેદી, એમ. ડી. અને પારેખ, બી. યુ. (૧૯૮૯), શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. (બીજી આવૃત્તિ). અમદાવાદ યુનિવર્સીટી: ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

૩. દેસાઈ, કે. જી. (૨૦૦૦). મનોવૈજ્ઞાનિક માપન. (ચતુર્થ આવૃત્તિ). અમદાવાદ યુનિવર્સીટી: ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય.

૪. દોંગા, નનુભાઈ (૨૦૦૭). શિક્ષણનું મનોવિજ્ઞાન. (પ્રથમ આવૃત્તિ) રાજકોટ: નિજ્જન સાયકો સેન્ટર.